ગાંધીનગર સમાચાર

તા. ૨૯-૧-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ઋતુરાજનાં વધામણાં

વસંતને ઋતુરાજ કહી બિરદાવનારા કવિઓએ તો 'મુકામ એણે વનમાં જમાવ્યો' કહી વાત આટોપી લીધી હતી. હકીકત એથી જુદી છે. વસંત વનમાં તો ખીલે જ, પરંતુ વન કરતાં સવિશેષ એ મનમાં ખીલે છે. વસંતમાં પ્રાણી માત્રની ચેનતાને પાંખે ફૂટે છે. એના અવાજમાં કોયલનો ટહુકો ઉમેરાય છે. વસંત એ કામદેવની ઋતુ છે, કહો કે કામદેવ વસંત ઋતુનો અધિષ્ઠાતા દેવ છે. એનો મુકામ વનમાં પણ હોય અને મનમાં પણ. આપણા યશસ્વી કવિ કાન્તનું 'વસંત વિજય' ખંડકાવ્ય વસંતનો સાચો મહિમા ગાય છે. પાંડુને શાપ છે કે એ જે ક્ષણે સ્ત્રી સંયોગ કરશે તે જ ક્ષણે મૃત્યુ પામશે. મૃગ-મૃગીના ગોપનીય વેશમાં રતિક્રીડા કરતા ઋષિને વીંધી નાખતાં એને શાપ મળ્યો હતો. વસંત ઋતુ સમક્ષ પાંડુ વિવશ બની જાય છે અને અપ્સરા જેવી પત્ની માદ્રીની ના ઉપરવટ એની સાથે સહશયન કરે છે. રાજા જેવો રાજા હારી જાય છે અને વસંત જીતી જાય છે. વસંતનાં વધામણાં લેતાં આપણા શ્રેષ્ઠ કવિ ઉમાશંકર જોશી કેવા ટહુકી ઊઠે છે - 'કોકિલ, પંચમ બોલ બોલો કે પંચમી આવી વસંતની...' આ વસંતપંચમીને આપણે ખેડૂત 'ઉનાળાપાટ' તરીકે ઓળખે છે, તો વળી સરસ્વતીના પ્રાગટ્યપર્વ તરીકે એની દેશના અનેક વિસ્તારોમાં ઉજવણી થાય છે. બિહાર અને બંગાળમાં વસંતપંચમીનો આપણી દિવાળી અને નવરાત્રી જેવો મહિમા છે. આમ પ્રજા માટે વસંતપંચમીએ કોઇ પણ શુભ મંગલ કાર્ય માટેનું વણજોયું મુહૂર્ત છે એ દિવસે સમૂહલગ્નો યોજવાની ઊજળી પ્રથા પણ આરંભાઇ છે. વસંતઋતુ એ છ ઋતુઓ પૈકી સૌથી વધુ ગતિશીલ ઋતુ છે. હેમંત અને શિશિરના ઠંડા દિવસો અને એથીય વધુ ઠંડી રાત્રીઓ પછી આવતી વસંતઋતુમાં વનસ્પતિને નવા અંકુરો ફૂટે છે. પાનખર પછી વસંત એ જીવનનો એ ક્રમ છે, વસંત જિજીવિષા અને વિજિગીષાની ઋતુ છે - જીવ માત્રને એ જીવવાનો અને જીતવાનો સંદેશ આપે છે. ઊર્જાના વિસ્ફોટની આ ઋતુમાં જગન્નિયન્તાની સર્જનની યોજના પાર પાડતી હોય છે. આ સર્જન માતાના ગર્ભમાં ભ્રૂણ સ્વરૂપે પણ સ્થાપિત થાય અને કવિની કલમે કવિતા રૂપે પણ પ્રગટી શકે. વસંતઋતુનાં જ વધામણાં લેખે પુસ્તકપર્વો યોજાય છે. હમણાં જ જયપુર ખાતે આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળો સંપન્ન થયો. આવો જ એક પુસ્તકમેળો આ દિવસોમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ પર સાહિત્ય પરિષદ ખાતે યોજાઇ રહ્યો છે. કિડની હોસ્પિટલના લાભાર્થે યોજાયેલી મોરારિ બાપુની રામકથામાં પણ વસંત મહોરી છે, ત્યારે ગાંધીનગર સમાચારના સૌ વાચકોને વસંતનાં કોટિ કોટિ વધામણાં!

## કોઈના પર વિશ્વાસ મૂકતાં પહેલાં કઈ સાત બાબતો યાદ રાખવી જોઈએ

માણસો ભેટ સોગાદને સ્વાર્થ સિદ્ધિનો સિક્કો માની તેને તરત જ વટાવવાની કોશિશ કરે છે. રાજનીતિજ્ઞ એ બાબતમાં અત્યંત કુશળ હોય છે. તેઓ લણવા માટે સંબંધની સારી રીતે વાવણી કરી સામેની વ્યક્તિને ઓળખોળ કરી પછીથી જરૂર પડે તકનો લાભ ઉઠાવે છે. માણસને છેતરવો કે ભ્રમમાં નાખવો એ પણ એ કલા છે, આ વાત રાજકીય નેતાઓ સારી રીતે જાણે છે. માણસને છેતરવો હોય તો એને બેધ્યાન કરો.

ધોખાબાજ કે દગાખોર લોકો જેને પોતાનો શિકાર બનાવવા ઇચ્છે છે તેને ભ્રમમાં નાખે છે અને બે ધ્યાન બને એટલે એનો ભરપૂર લાભ ઉઠાવે છે. મીટી મધઝરતી વાણી, તમને મદદરૂપ થવાનું નાટક, પરોપકાર અને દયાનું પ્રદર્શન - આ બધાં માણસને મુગ્ધ કરવાનાં સાધનો છે. એક વાર માણસ મુગ્ધ બને એટલે તેનો વિવેક ચાલ્યો જાય. એ મોહને પગલે લોભ, લાલચ અને તૃષ્ણાનો ગુલામ

## એક જ દે ચિનગારી

*- ભરતકુમાર શાહ*

બને. 'સેલ'ના બહાને થતાં પ્રપંચોનો વિચાર કર્યા સિવાય સસ્તું ખરીદવા એટલે જ દોડી જતા હોય છે. હકીકતમાં સંસારી બનવું સહેલું નથી. એ માટે સાવધાનીની જરૂર છે. એવી સાવધાનીને અભાવે ખોટા વિશ્વાસ, ખોટી શ્રદ્ધા કે અંધશ્રદ્ધાને પરિણામે "લોભીઓ હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે" - એ કહેવત સાચી ઠરે છે. મીઠું બોલી હૃદય જીતવાની કોશિશ કરનાર વેપારીઓ, સગાંઓ કે સંબંધીઓનો વિશ્વાસ કરતાં પહેલાં તેમની યોગયતાની ચકાસણી કરવી પણ જરૂરી બની જતી હોય છે. કશુંક વિપરીત બને ત્યારે આપણે એવી દલીલ કરતા હોઇએ છીએ કે મેં ધાર્યું નહોતું કે અમુક વ્યક્તિ મારી ધારણા કરતાં વિપરીત નીવડશે. આવી ધારણા રાખવામાં જ આપણે થાપ ખાઇ જતા હોઇએ છીએ. કોઇના પર વિશ્વાસ મૂકતાં પહેલાં કઇ સાત બાબતો યાદ રાખવી જોઇએ?

- જે વિશ્વાસપાત્ર ન હોય તેનો વિશ્વાસ ન કરવો એ તો ઠીખ પણ જે વિશ્વાસપાત્ર હોય તેનો પણ 'અવિશ્વાસ' ન કરવો.
- જે અત્યંત વાચાળ અને મીઠાબોલો હોય તેના પર વિશ્વાસ મૂકતાં પહેલાં સાત વાર વિચાર કરો.
- ક્યારેક હદ કરતાં કોઇનો પણ વધુ વિશ્વાસ ન મૂકવો.
- કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ પર ઉતાવળે વિશ્વાસ ન મૂકવો.
- જેણે એકાદ વાર પણ તમારા વિશ્વાસનું ખંડન કર્યું હોય તેને ફરી વિશ્વાસપાત્ર ન ગણવો.
- તે વ્યક્તિ પર વિશ્વાસ રાખો જે બોલવામાં સંકોચશીલ હોય પરંતુ પરિશ્રમ અને વફાદારીમાં ક્યારેક ઊણી ન ઉતરતી હોય.
- ભોળા બનો પણ ભોટ ન બનો. કોઇ આંધળો વિશ્વાસ કરે તો એના પર 'ઘાત' કરવાનો ઘાતીને મોકો મળી જતો હોય છે.

## ગાંધીનગર ખાતે વિવિધ પ્રતિભાશાળી મહાનુભાવોને 'સ્પંદન એવૉર્ડ' એનાયત કરાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર, ટાઉનહોલ ખાતે તાજેતરમાંસ્પંદન એવોર્ડસ કાર્યક્રમનુંભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાંવિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળી વ્યકિતત્વો અને મહાનુભાવોનું સન્માન રકતપિત્તનાં રોગીઓની સેવાનો ભેખ લીધો છે તેમને સન્માનવામાં આવ્યા હતાં. પ્રો. ડૉ. દિપક કન્નલ કે જેમણે શિલ્પકલા અને સમાજસેવા ક્ષેત્રમાં કામ કર્યું છે તેમને સન્માનવામાં આવ્યા હતા સાથે સાથે નારી શકિતને આપીને સન્માનવામાં આવ્યા હતાં.

કાર્યક્રમને અનેરો અને અદભુત ઉઠાવ આપ્યો સંગીતે. જેમાં સંગીત અને પેઈન્ટીંગની જુગલબંદી કરવામાં આવી જેમાં પેઈન્ટર ચીન્કી પંચાલ અને સુરેશ રાવલે તેમજ ગોવાના પ્રસિધ્ધ






કરવામાંઆવ્યુંહતું.

અનંત વિકાસ કે જેઓ કયુરેટર તેમજ સ્પંદનના ટ્રસ્ટી છે તેમના દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહાને તેમની વિશિષ્ટ સેવાઓ અને સામાજીક કાર્યોના યોગદાન બદલ સન્માનવામાં આવ્યા હતા. તેમની સાથે લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપીને શ્રી સુરેશ સોની કે જેમણે સહયોગ કુષ્ઠા પત ટ્રસ્ટ દ્વારા સન્માનતા કસ્તુરબા ગાંધી પુરસ્કાર આપીને શ્રીમતી ઈન્દીરાબેન સોનીનું બહુમાન કર્યું હતું. આ ઉપરાંત ડૉ. દક્ષાબેન પટેલ-મીતલબેન પટેલ-કપીલ શાહ-સુરેશ રાવલ અને દિપ્તી રાજુ તેમજ રાજુભાઈ દિપ્તીને સન્માનવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું સંચાલન જયશ્રી નાઈકે કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ટાઉનહોલ ખાતે ૫૦ બાળકોના ચિત્રોની રજુઆત પણ કરાઈ જેમાંના સર્વોત્કુષ્ટ પાંચ ચિત્રોના ચિત્રકાર બાળકોને પ્રશસ્તિ પત્ર સંતુરવાદક શ્રી નરેશ મડગાંવકર તેમજ વડોદરાના તબલાવાદક પંડિત રાજેશ ગંગાણીએ રંગત જમાવી હતી. સાથે કચ્છ-ભુજથી આવેલ 'કલાવારસો' ગ્રુપના કલાકારોએ લોકકલાની જમાવટ કરી હતી.

મુખ્ય અતિથિ તરીકે શ્રી જગદીશ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જયપુરથી પધારેલ શ્રી પંચશીલ જૈન કે જેઓ ભાગીરથી સેવા પ્રન્યાસ (ટ્રસ્ટ) ચલાવે છે તેઓ પણ ઉપસ્થિત હતા અને તેમના દ્વારા કસ્તુરબા ગાંધી પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## લક્ષ્ય ક્રિએશનની નારીપ્રધાન ગુજરાતી ફિલ્મ 'ઓટો લાઈફ ઓફ રમલી રીક્ષાવાળી'

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતી ફિલ્મોમાં નારીપ્રધાન ફિલ્મોનું નિર્માણ ખુબ ઓછું થાય છે. સ્ત્રીઓને સરખી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે અને આ પ્રશ્નોને રીક્ષાના માધ્યમ દ્વારા મુકી એક મેસેજ



આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ સમયે નિર્માતા મુકેશ ઓઝા, સહ નિર્માતા દિવ્ય શાહ અને રાજેન્દ્ર શાસ્ત્રી લઈને આવ્યા છે નારી પ્રધાન ગુજરાતી ફિલ્મ 'ઓટો લાઈફ ઓફ રમલી રીક્ષાવાળી'. નિર્માતા મુકેશભાઈ ઓઝાએ આ ક્ષેત્રમાં આવતા પહેલા તેનો ગહન અભ્યાસ કર્યો છે.

ફિલ્મની કથા-પટકથાને સંવાદ લખ્યા છે ને જેમણે ફિલ્મને ડીરેકટ કરી છે તે રમેશ કરોલકરે ન્યૂયોર્કના તેમના પ્રવાસ દરમિયાન સેન્ડી ડીસોઝા નામની એક સ્ત્રીને લકઝરી ટુરીસ્ટ કોચ વગર કડંકટરે ચલાવતા જોઈ હતી ને વાતચીત દરમિયાન ખબર પડી કે ન્યુયોર્ક હોય કે ગુજરાત

રીક્ષા માટો ભાગે પુરુષો જ ચલાવે છે અને તે ગરીબ અમીર સૌની લાગણીઓ સાથે જોડાયેલ પરીવહનનું સાધન છે. આ રીક્ષામાં ચાલક તરીકે 'રમલી' નામનું સ્ત્રી પાત્ર મુકી એક અદભુત અનોખી સીંગલ સ્ક્રીન અને મલ્ટીપ્લેક્ષ એમ બંને દર્શકોને ધ્યાનમાં રાખી બનાવેલી સંગીતમય-મનોરંજક ફીલ્મ છે. આ ફિલ્મમાં ઈન્ડસ્ટ્રીઝની નકારાત્મક અને સકારાત્મક વાતોને પણ રજુ કરવામાં આવી છે.

રમલી રીક્ષાવાળીનું પાત્ર બોલ્ડ એન્ડ બિન્દાસ્ત હિના રાજપૂત ભજવે છે. સાથે ધવલ મેવાડા, રાજુ બારોટ, નિસર્ગ ત્રિવેદી, જૈમીની ત્રિવેદી, મનીષ વૈદ્ય, અર્ચના ચૌહાણ, નિલમ પટેલ, નિકીતા સોની, સાગર શાહ જેવા કલાકારો ને લઈ બનતી ફિલ્મના ગીતો સંજય પ્રજાપતિએ લખ્યા છે. જેને ભૂમિ ત્રિવેદી, ઐશ્વર્યા મજમુદાર, અને હર્ષ શાહે સંગીતકાર ઉજજવલ-હર્ષિતના સંગીતમાં સ્વર આપ્યો છે, તો કોરીયોગ્રાફી ગુડ્ડુ રાણાની છે. એડીટર કનુ પ્રજાપતિ અને કેમેરામેન તરીકે હોલીવુડની ફિલ્મ 'ધ પૂલ' કરનાર સિનેમેટોગ્રાફર પરવેઝ પઠાણ છે જયારે પ્રચારકાર્ય ગુજરાતનાં જાણીતા પત્રકાર ઉદયન ત્રિવેદી સંભાળી રહ્યાં છે. આ ફિલ્મ બ્લેકમેજીક કેમેરામાં શુટ થયેલ છે, ટેકનીકલી રીતે બોલીવુડની સમકક્ષ મુકી શકાય તેવી ફિલ્મ બની છે.

## રૂદ્રાભિષેક મંડળની સામાન્ય સભા આજે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરની સામાન્ય સભા તા. ૨૯મી જાન્યુઆરીના સાંજે ૪ કલાકે પંચદેવ મંદિર ગાંધીનગરમાં યોજવામાં આવનાર છે. જેમાં મહા શિવરાત્રીની આશુતોષ આરાધનાનો નિર્ણય અને ચર્ચા થશે તો સભ્યશ્રીઓ હાજર રહેવા મહામંત્રીશ્રી બાબુભાઈ શર્માએ જણાવેલ છે.

## ગજાનન સેવા સમિતિએ વનવાસી બાળકોને જ્યુશ પીવળાવ્યો

ગાંધીનગર, તા. ૨૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની ૪ ઉચ્ચત્તર માધ્યમિક શાળા, એક ખારીની પ્રાથમિક શાળાના તમામ બાળકોને એપલ તથા ઓરેન્જ જ્યુશના ટેટ્રાપેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખારી માધ્યમિક એ.પી. ઠાકર ગર્લ્સ, પલ્લા માધ્યમિક તથા સર્વોદય માધ્યમિકના બાળકોને એનર્જી ડ્રીંક આપ્યું હતું. ગાંધીનગરમાં રહેતા મેડીકલ વિદ્યાર્થી કુ. મધુરા ઘાટેએ વિદ્યાર્થીઓને અભ્યાસ-આરોગ્ય વિષયની વાતો કરી હતી. શ્રી મિલિન્દ ગુપ્તે વિજ્ઞાન સાથે ભણે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. અનીતાબેન રાઠોડે દેશભક્તિ ગીતો ગાયા હતા. સુનોક અને ખારી ગામની ૧૫૩ વૃદ્ધ બહેનોને ૩ કિલો ચોખાનુ વિતરણ કર્યુ હતુ. ૧૯૮૦ બાળકોને જ્યુશ પીવડાવામાં આવ્યો હતો.

## રવિવારે આદિવાસી ભીલ સેવા સમાજનો સમૂહલગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૮

સમસ્ત આદિવાસી ભીલ સેવા સમાજ દ્વારા ૧૭મો સમૂહલગ્ન તા. ૧-૨-૨૦૧૫ને રવિવારના રોજ કુબેરપુરા ભીલવાસ, અસારવા પુલ નીચે અસારવા, અમદાવાદ-૧૬ ખાતે આયોજીત કરવામાં આવ્યો છે.

આદિવાસી ભીલ સેવા સમાજ દ્વારા વર્ષ ૧૯૯૦થી સતત આજ દિન સુધી ૧૬ સમૂહલગ્ન થયેલ છે. આ વર્ષે ૧૭માં સમુહલગ્નનું આયોજન કરેલ છે. આ સમુહલગ્નમાં રાજ્યના સમસ્ત આદિવાસી ભીલ સમાજના યુવક-યુવતીઓ મળીને કુલ-૩૪ વરઘોડીયાઓ જોડાયેલ છે તે દરેક વરઘોડીયાઓને સમાજ દ્વારા ઘરવખરીની કિટ પણ કરિયાવર તરીકે આપવામાં આવનાર છે.

## આજે સેક્ટર-૨૯માં સુંદરકાંડના પાઠ

ગાંધીનગરના સેક્ટર-૨૯માં આવેલ સાંઈધામ હનુમાનજી મંદિર પાસે તા. ૨૯મી જાન્યુઆરી, ગુરૂવારે સાંજે ૫.૦૦ વાગે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડ સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે. જેનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## નિર્મિતી સંસ્થા દ્વારા ૩૧મીએ કલાસીકલ ડાન્સ

અમદાવાદની નિર્મિતી સંસ્થા દ્વારા ૩૧મી જાન્યુઆરી રાત્રે ૮.૩૦ કલાકે ટાગોરહોલ પાલડી અમદાવાદ ખાતે ડાન્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ઉપસ્થિત રહેશે જેમાં કલાકારો કલાસીકલ ડાન્સ રજૂ કરશે.

## હરિની દૃષ્ટિ...




ના ના, દિલ્હીમાં 'મા' નથી આવી અને 'બા' નથી આવ્યા, ત્યાં તો અમેરીકાથી ઓબામા આવ્યા છે...!

## આવતીકાલે કેલોરેક્સ પબ્લિક સ્કુલ દ્વારા મ્યુઝિકલ ફિએસ્ટાનું આયોજન

ગાંધીનગર, ૨૮

કેલોરેક્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા તેના મ્યુઝિકલ ફિએસ્ટા - સિઝન ૨ કાર્યક્રમના ભાગરૂપે કેલોરેક્સ પબ્લિક સ્કુલ, ગાંધીનગર માટે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે જાન્યુઆરી ૩૦, ૨૦૧૫ના રોજ સાંજે ૭.૩૦ કલાકે મ્યુઝિકલ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે,

જેમાં જાણીતા કલાકારો સંજય ઓઝા તથા તેમના પુત્ર ડો. પાર્થ ઓઝા સુમધુર હિંદી તથા ગુજરાતી ગીતો પ્રસ્તુત કરશે. બન્ને કલાકારો બોલિવુડના કેટલાક લોકપ્રસિદ્ધ ગીતો તથા પ્રખ્યાત ગુજરાતી ગીતો ગાઈને રંગ જમાવશે. વિદ્યાર્થીઓને સર્વગ્રાહી શિક્ષણ આપવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજનો સ્નેહમિલન સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના ડુંગરી ગરાસિયા સેવા સમાજનો ૧૧મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તા. ૮મી ફેબ્રુઆરી રવિવારે બપોરે ૧૨.૩૦ વાગે ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારંભમાં તેજસ્વી તારલાઓનું, નવી નિમણુંક પામેલા, બઢતી પામેલા કર્મચારી અને અધિકારીઓનું સન્માન કરાશે. આ અંગે જરૂરી વિગતો તા. ૩૦મી જાન્યુઆરી સુધીમાં જે તે વોર્ડના કારોબારી સભ્યને પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા કલાકારોએ તેમના કાર્યક્રમની સીડી સાથે તા. ૧લી ફેબ્રુઆરીએ સવારે ૧૦.૦૦ વાગે સે. ૨-ડીની સરકારી પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

## સાઈ ખાતે આજથી એથ્લેટીક્સ અને ટેકવાન્ડો સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૮

આજે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેક્ટર-૧૫ના મેદાન પર રાષ્ટ્રીય કક્ષાની આર.જી.કે.એ એથ્લેટીક્સ સ્પર્ધા અને ટેકવાન્ડો સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ સ્પર્ધા તા. ૩૧-૧-૨૦૧૫ સુધી ચાલશે. જેમાં ભારત ભરમાંથી કુલ-૨૦ રાજ્યોએ ભાગ લીધો છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ, સિક્કીમ, મણીપુર, મિઝોરમ, છત્તિસગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, કર્ણાટકા, કેરાલા, ઓરિસ્સા, ત્રિપુરા, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમબંગાળ, આંધ્રપ્રદેશના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. કુલ ૭૪૪ ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનુ જોમ બતાવશે.

આ સ્પર્ધાના આજના ઉદ્‌ઘાટન પ્રસંગે મંત્રી નાનુભાઈ વાનાણી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ શિક્ષણની વિશેષ ઉપસ્થિતિમાં સમારંભના અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા હતા. અન્ય અધિકારીગણમાં ડાયરેક્ટર જનરલ સંદિપ પ્રધાન, સાંઈના રીજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ, સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જતીન સોની, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર કે.ડી. કાપડીયા, પાંડે સાહેબ અને સુંદરદાસ ઉપસ્થિત રહ્યા હતા.

તમામ ખેલાડીઓની માર્ચપાસ્ટ, ફલેગ હોસ્ટીંગ પ્રતિજ્ઞા વાંચન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ યોગાસનમાં ભાવનગર અને જૂનાગઢની વિજેતા બહેનોએ નિદર્શન અને આદિવાસી અને ગરબાથી ગુજરાતનાં સંસ્કૃતિની ઓળખ કરાવી હતી. આ બન્ને સ્પર્ધાના સમગ્ર આયોજન-સંચાલનમાં રાજયના વિવિધ જિલ્લા રમત-ગમત અધિકારીઓ વિવિધ સમિતિના પોતાની જવાબદારી સંભાળી રહ્યા છે. તથા ટેકનીકલ પંચોની મદદ લેવાઈ રહી છે. જ્યારે સમગ્ર આયોજન રાજ્ય રમત-ગમત પરિષદના સચિવ ડૉ. અશોક રાવલ, જિલ્લા રમત ગમત અધિકારી સોનલ ચાવડા સંભાળી રહ્યા છે.

## સે-૮માં રવિવારે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પ

ગાંધીનગરના સે-૮માં આવેલ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ તા. ૧લી ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે. યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પમાં ફીઝીયોથેરપી, ડેન્ટીસ્ટ, આર્યુવેદિક અને ઓર્થોપેડીક ડોકટર્સ દ્વારા નિદાન કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ડાયાબીટીશ, બીપી, બીએમઆઈની પણ તપાસ કરી અપાશે. આ ચેક અપ કેમ્પમાં ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. હાર્દિક તલાટી, ડૉ. મેશ્વા પટેલ, ડૉ. કિંજલ પટેલ, ડૉ. જીજ્ઞેશ પટેલ, ડૉ. રાજેન્દ્ર વસૈયા, ડૉ. એકતા પટેલ અને હાઈટેકના બ્રિજેશ પટેલ તેમની સેવાઓ આપશે.



## સ્લમ એરિયાનાં બાળકોએ પ્રતિજ્ઞા લીધી, ભગતની ચાલી બનશે ભગતની દિવ્ય નગરી

અમદાવાદનવરંગપુરા સ્થિત સ્લમ એરિયા ભગતની ચાલીને બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા દિવ્ય નગરી બનાવવાનો -યાસ રંગ લાવી રહયો છે. -ોજેક્ટ ડાયરેક્ટર બી.કે.ઈશિતાબેને જણાવ્યું કે આ બાળકો જે કાલ સુધી ગંદકી અને કચરામાં રમતા હતાં, રખડતાહતાં, પાન પડીકી-સોપારીનાં વ્યસની હતાં, ગાળો બોલતા હતાં, ઝગડતાં હતાં તેઓએ ગંભીરતા થી ભણવાનું શરુ કર્યુ છે અને સારી રીતભાત શીખી લીધી છે. હવે એમને જોઇને એવું નથી લાગતું કે આ ચાલીનાં બાળકો છે! સેંકડો બાળકો દરરોજ સ્નાન, બ્રશ, સ્વચ્છતા અંગે એટલા જાગૃત થઈ ગયા છે કે એમનાં માં-બાપ પણ-ભાવિત થયા છે,છેલ્લા બે મહિનાથી ચાલતા આ -ોજેક્ટ હેઠળ બ્રહ્માકુમારીઝનાં નવરંગપુરા સેવાકેન્દ્ર દ્વારા ૩, લલિતકુંજ સોસાયટીમાં આયોજિત આસ્નેહ-મિલનના કાર્યક્રમમાં કોર્પોરેટર શ્રી ચિરાગ શાહ, કાકા ચાલે વાંકા ફેઈમ કાકી ભાવિની જાની, જુડો-કરાટે ચેમ્પિયન ઉજ્જવલ જયસ્વાલ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનાં ભૂતપૂર્વ આસિ.એડિટર અનિલભાઈ પાઠક તેમજ ગુજરાત ઝોનનાં ડાઈરેકટર રાજયોગિની સરલા દીદી અને યુવા -ભાગનાં રાષ્ટ્રીય સંયોજીકા ચંદ્રિકા બેન ઉપસ્થિત રહ્યાં હતાં. ભગતની ચાલીનાં રહેવાસી અને બંગલામાં રહેનારાઓને એકસાથે કાર્યક્રમ માણતાં જોઈ ભાવિનીજાનીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે બંગલા અને છાપરા વચ્ચેની દિવાલબ્રહ્માકુમારી ઈશિતા બેન અને એમની ટીમે ખુબ જ સહજ અને સરળતાથી જમીનદોસ્ત કરીછે એ -યાસને બિરદાવીએ એટલો ઓછો છે. દેખીતું નાનું કામ પણ સમાજ માટે દિવાદાંડી સમું બની રહેશે. ઉજ્જવલ જયસ્વાલે બાળકોઅને સ્ત્રીઓની સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું. આટલા ટૂંકા સમય દરમિયાન બાળકોએ જીવનના મુલ્યોને જે રીતે રોજીંદા જીવનમાંઉતાર્યા તે જોઈને આવનાર મહેમાનો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા. બાળકોએ સંસ્કૃતિકકાર્યક્રમ રજૂ કર્યો. ત્યાર બાદ તેમને જીવનની -ાથમિક જરૂરિયાતોની કીટ,ટીશર્ટ-ટ્રાઉઝરવગેરે આપવામાં આવ્યા.